'કમ્પ્યુટર કૌશલ્યની સીસીસી પરીક્ષા પાસ કરનાર કર્મચારીઓને મૂળ પાત્રતાની તારીખથી ઉચ્ચતર પગાર ધોરણ મંજૂર કરવા બાબત.

ગુજરાત સરકાર,
સામાન્ય વહીવટ વિભાગ
ઠરાવ ક્રમાંક: પરચ-૧૦૨૦૧૬-૨૮૨-ક
સચિવાલય, ગાંધીનગર.
તારીખ:- / ૯ /૨૦૧૬
20 SEP 2016

વંચાણમાં લીધા:-

(૧) સામાન્ય વહીવટ વિભાગનાં તા.૩૦-૦૯-૨૦૦૬ના જાહેરનામા ક્રમાંક: ગસ/૨૦૦૬ ૩૧/ખતપ/૧૦૨૦૦૫/૧૫૧૯/ક

(૨) સામાન્ય વહીવટ વિભાગનો તા.૩૦/૦૯/૨૦૦૬નો ઠરાવ ક્રમાંક: પરચ/૧૦૨૦૦૫ /૧૫ ૩૨/ક

૧. વંચાણમાં લીધેલ ક્રમાંક:(૧) પરનાં સામાન્ય વહીવટ વિભાગનાં તા.૩૦/૦૯/૨૦૦૬ ના જાહેરનામાથી કોમ્પ્યુટર કૌશલ્ય તાલીમ અને પરીક્ષા નિયમો બહાર પાડવામાં આવેલાં છે. અને તદઅન્વયે વંચાણમાં લીધેલા ઠરાવ ક્રમાંક: (૨) પરનાં સામાન્ય વહીવટ વિભાગનાં તા.૩૦/૦૯/૨૦૦૬નાં ઠરાવથી કોમ્પ્યુટર કૌશલ્યની તાલીમ અને પરીક્ષા માટેની કાર્ય -પધ્ધતિ નક્કી કરવામાં આવી છે. આ નિયમો મુજબ સીધી ભરતીથી નિમણૂંક મેળવવા માટે ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી(સામાન્ય) નિયમો, ૧૯૬૭ની જોગવાઈ મુજબ કોમ્પ્યુટર જ્ઞાનની લાયકાત જરૂરી છે. તે જ રીતે ઉપરના સંવર્ગમાં બઢતીથી નિમણૂંક મેળવવા માટે અથવા ઉચ્ચતર પગાર ધોરણ મેળવવા ગુજરાત મુલ્કી સેવા કોમ્પ્યુટર કૌશલ્ય તાલીમ અને પરીક્ષા નિયમો, ૨૦૦૬ની જોગવાઈ મુજબ "CCC" પરીક્ષા પાસ કરી હોવી જરૂરી છે.

૨. સામાન્ય વહીવટ વિભાગના તા.૩૦-૦૯-૨૦૦૬ ના જાહેરનામાથી કમ્પ્યુટર કૌશલ્યની સીસીસી/સીસીસી+ પરીક્ષા પાસ કરવા અંગેના તાલીમ અને પરીક્ષા નિયમો ઘડવામાં આવ્યા ત્યારથી સદર પરીક્ષા પાસ કરવાની મુદત વખતો વખત લંબાવવામાં

આવેલ જેનો હેતુ શરતી બઢતી કે ઉચ્ચતર પગાર ધોરણ આપવાનો હતો. છેલ્લે તા.૨૨-૦૭-૨૦૧૩ ના પરિપત્રથી તા.૩૧-૧૨-૧૩ સુધી તે મુદત લંબાવવામાં આવેલ.

રાજ્ય સરકાર દ્વારા અમલીત ઉચ્ચતર પગાર ધોરણની યોજના હેઠળ સરકારી કર્મચારીઓને ૧૨ વર્ષે પ્રથમ અને ૨૪ વર્ષે દ્વિતિય ઉચ્ચતર પગાર ધોરણનો લાભ મહદઅંશે બધાને મળી ગયેલ છે.પરંતુ તા.૧.૧૦.૨૦૦૬થી કોમ્પ્યુટર કૌશલ્ય તાલીમ અને પરીક્ષા નિયમો અમલમાં આવતા બઢતી /ઉચ્ચતર પગાર ધોરણ માટે વધારાની લાયકાત તરીકે કોમ્પ્યુટરની પરીક્ષા પાસ ન કરી શકવાને કારણે ઘણા કર્મચારીઓ તેમને મળવાપાત્ર પગાર ધોરણથી વંચિત રહ્યા છે.અલબત સરકારે ઉદાર વલણ અપનાવી તા.૩૧.૧૨.૨૦૧૩ સુધી કોમ્પ્યુટર કૌશલ્યની પરીક્ષા પાસ કરવાની શરતે બઢતી/ઉચ્ચતર પગાર ધોરણનો લાભ આપવામાં આવેલ હતો.પરંતુ ત્યારબાદ દ્વિતિય ઉચ્ચતર પગાર ધોરણની પાત્રતાની તારીખ નહી પરંતુ જે તારીખે કોમ્પ્યુટર કૌશલ્યની પરીક્ષા પાસ કરે તે તારીખથી ઉચ્ચતર પગાર ધોરણનો લાભ મળવાપાત્ર થાય છે આ સંદર્ભે જુદા જુદા કર્મચારી એસોસિએશન દ્વારા રજૂઆત કરવામાં આવી હતી.

આથી સરકારી કર્મચારીને મૂળ પાત્રતાની તારીખથી ઉચ્ચતર પગાર ધોરણ મંજૂર કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. સક્રિય વિચારણાને અંતે નીચે મુજબ ઠરાવવામાં આવે છે.

-:: ઠરાવ ::-

(૧) જે સરકારી કર્મચારીઓ કોમ્પ્યુટર કૌશલ્યની પરીક્ષા પાસ કરવાની લંબાવેલી મુદત એટલે કે તા.૩૧.૧૨.૨૦૧૩ સુધીમાં પરીક્ષા પાસ કરી શક્યા નથી, તેમના કિસ્સામાં તા.૧.૧.૨૦૧૪ થી તા.૩૦.૬.૨૦૧૬ દરમ્યાન સરકાર માન્ય પરીક્ષા કેન્દ્રો દ્વારા લેવાયેલ કોમ્પ્યુટર કૌશલ્યની સીસીસી/સીસીસી પ્લસની પરીક્ષા પાસ કરેલી હશે તથા ઉચ્ચતર પગાર ધોરણ માટેની અન્ય જોગવાઈઓ સંતોષતા હશે તો તેઓને તેમની ઉચ્ચતર પગાર ધોરણની પાત્રતાની તારીખથી ઉચ્ચતર પગાર ધોરણ મળવાપાત્ર થશે.

(૨) ઉક્ત સમયગાળા દરમ્યાન લેવાયેલ પરીક્ષા પાસ કરી હોય અને અગાઉ ઉચ્ચતર પગાર ધોરણનો લાભ પરીક્ષા પાસ કર્યા તારીખથી મંજુર કરાયેલ હોય તો તેવા કિસ્સાઓમાં ફેરફાર કરી ઉચ્ચતર પગાર ધોરણની પાત્રતાની તારીખથી તે મંજુર કરવાનો રહેશે.